


# ઉપશમ મૂર્તિ સાધુરામ સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાને પ્રાગટ્ય મંગલે વંદન !

**પ્રભુ**પ્રીત્યર્થે ગુરુમુખી અને ઠરાવ રહિત જીવન જીવતા અનુપમ સાધુ એટલે પૂ. અશ્વિનદાદા ! ૧૫ જુલાઈ ૧૯૪૨ના રોજ આફ્રિકાના કંપાલા – યુગાન્ડામાં ગવર્નમેન્ટ એૅશિયાટિક હૉસ્પિટલમાં તેઓનું પ્રાગટ્ય થયું ! તે દિવસે રથયાત્રાની શુભ મંગલ તિથિ હતી !

તેઓનાં માતુશ્રી પૂ. રેવાબહેન અને પિતાશ્રી પૂ. ભાઈલાલભાઈ ત્રિભુવનદાસ પટેલ ! અત્યંત વહાલ ઊપજે તેવી તેમની તેજસ્વીતા બાળપણથી જ હતી. તેઓને કુટુંબીજનો – 'ઘનશ્યામ' અને સખાઓ – 'એ.બી.'ના હુલામણા નામે બોલાવતા ! યોગીબાપા – 'સાધુરામ' કહીને સંબોધતા અને આજે યુવાઓ તેમને 'ગુરુ' કહીને બોલાવે છે. ૬ વર્ષની ઉંમરે આફ્રિકાથી 'એસ. એસ. કમ્પાલા' નામના જહાજમાં તેઓ પિતાશ્રીની આંગળી પકડી ભારત પધાર્યા અને પછી ગુજરાતના વડોદરા જિલ્લાના સોખડા ગામે સ્થાયી થયા. ત્યાં બાલ્યાવસ્થામાં જ તેઓને ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં દર્શન અને સમાગમ પ્રાપ્ત થયાં. ત્યારથી જ પરમ સ્નેહસભર મિત્રાચારી સ્થપાઈ.

જ્યારે તેઓ ૮મા ધોરણમાં અભ્યાસ કરતા હતા તે સમયે સોખડામાં યોગીજી મહારાજ પારાયણ પ્રસંગે પધાર્યા હતા. આ પ્રસંગે તેઓ પીરસવાની સેવા બજાવવા માટે ગયા હતા. આ પારાયણમાં યોગીબાપાએ પ્રથમવાર લીમડાના વૃક્ષ નીચે પાટ બિછાવીને આપેલાં દર્શન તેઓને આજે પણ યાદ છે અને તેઓ આ સ્મૃતિ હંમેશાં વાગોળતા રહે છે. આ તેઓની ગુરુદેવ યોગીજી મહારાજ સાથેની પ્રથમ મુલાકાત !

કૉલેજના ઉચ્ચ અભ્યાસ માટે સન ૧૯૫૯માં તેઓ વલ્લભવિદ્યાનગર પધાર્યા ત્યારે તેઓ 'વિદ્યાસ્મૃતિ' નામના મકાનમાં ભાડે રૂમ રાખીને મોટા ભાઈ પૂ. રતિકાકા સાથે રહેતા. ત્યાં પણ યોગીબાપાએ પધરામણી કરી, કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા અને પૂજા આપી બ્રહ્મસંબંધ સ્થાપ્યો ! સંતભગવંત સાહેબજીએ જે અઠવાડિક સત્સંગસભા – 'ગુરુસભા' યોગીબાપાની આજ્ઞાથી શરૂ કરી હતી તેમાં પણ હાજર રહેવાની યોગીજી મહારાજે અશ્વિનદાદાને આજ્ઞા કરી.

સન ૧૯૬૪માં શાસ્ત્રીજી મહારાજ જન્મજયંતી વખતે તેઓ સાહેબજી અને મિત્રો સાથે યોગીબાપાની સેવામાં હતા, ત્યારે વિચરણ કરતા કરતા યોગીબાપા વાસણાથી સોખડા પધાર્યા. સોખડામાં સૌ પ્રથમ પૂજ્ય અશ્વિનદાદાના ઘરે પધરામણી કરવા ગયા ત્યારે ઘરમાં પગ મૂકતી વખતે યોગીબાપા બોલ્યા કે, 'અમે દસ વર્ષથી આંટા મારતા હતા ત્યારે આજે આ ઘરમાં ગરવાનું (આવવાનું) મળ્યું.'

પછી તો યોગીજી મહારાજની આજ્ઞા થઈ એટલે M.Sc.નો અભ્યાસ અધૂરો મૂકી તેઓની સેવામાં જોડાઈ ગયા. બરાબર ૯ મહિના ગુરુદેવ યોગીજી મહારાજની અંગત સેવામાં રોકાઈને તેઓને રાજી કરી લીધા અને તેઓ થકી 'સાધુરામ'નો ઇલકાબ પામ્યા. પછી યોગીબાપાએ પરત સાહેબજીની સેવામાં તેઓને ૨૧ મે ૧૯૬૬ના રોજ ગોટલીનો પ્રસાદ અને પત્ર સાથે મોકલ્યા, જેમાં બાળમંડળ – યુવકમંડળ સંભાળવાની આજ્ઞા કરી હતી તો તેને તેઓએ આજ પર્યંત નિભાવી છે.

સાહેબદાદા સાથે એટલો બધો પ્રેમ કે તેમને છોડીને જવાનું મન જ ન થયું. યુવાનવયે દર અઠવાડિયે અમદાવાદની સત્સંગસભા કરવા જવાની સાહેબદાદાએ પૂજ્ય અશ્વિનદાદાને આજ્ઞા કરી, તો વિરહના દુઃખથી આંખમાંથી આંસુ પડે તોય સાહેબજીની આજ્ઞા હતી તેથી અમદાવાદ જતા અને સૌને સત્સંગનો લાભ દેતા.

પરમ પૂજ્ય પપ્પાજીની મરજી અનુસાર સંતભગવંત સાહેબજીએ સાધકો માટે કર્મયોગી સાધનાના ભાગરૂપે ફૅક્ટરી શરૂ કરવાની આજ્ઞા કરી. પૂજ્ય અશ્વિનદાદાનો મત હતો કે, સાધુ થયા છીએ તો ભક્તિમાં વધુ સમય વિતાવીએ ! પરંતુ સાહેબદાદાએ પુનઃ આજ્ઞા કરી તો ફરી ક્યારેય બીજો વિચાર કર્યો નથી. તેમજ ફૅક્ટરીનાં સંચાલન તથા આર્થિક વ્યવસ્થા અને આયોજન માટે ભણવું પડ્યું તો ભણ્યા અને ધણી થઈને સઘળું સંચાલન કર્યું અને આજ્ઞા પાળી.

ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ધારીમાં સંતભગવંત સાહેબજીએ દીકરીઓ માટે કૉલેજ કરવાની આજ્ઞા કરી ત્યારે અનુપમ મિશન પાસે પૂરતી આર્થિક વ્યવસ્થા ન હતી. પરંતુ પૂજ્ય અશ્વિનદાદા સંતભગવંત સાહેબજીની આજ્ઞાનો મર્મ જાણતા હતા. તેથી તેમણે સઘળી વ્યવસ્થા પાર પાડી અને ધારીમાં કૉલેજ શરૂ થઈ શકી. આવું તો અનેકવાર અને વારંવાર બન્યું ! ગુરુદેવ યોગીજી મહારાજની પ્રેરણાથી સંતભગવંત સાહેબજીએ અનુપમ મિશનનાં અનેક સેવાકાર્યો, સત્સંગ કાર્યો શરૂ કર્યાં અને તેનાં સંચાલન અને આર્થિક નિર્વહન બાબતે પૂ. અશ્વિનદાદાને સોંપ્યાં પછી ક્યારેય જોવું કે પૂછવું નથી પડ્યું ! માટે જ સાહેબજી કહે છે કે, 'અશ્વિન મારી સાથે આવ્યો ત્યારથી મેં મારા ખીસામાં પર્સ નથી રાખ્યું !'

આમ ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં કે મન ન માને ત્યારે પણ સંતભગવંત સાહેબજી કોઈ આજ્ઞા કરે તો તેને સર્વોપરીભાવે સાકાર કરવાની અદમ્ય તાલાવેલી એ જ તેમની અનુપમ ગુરુભક્તિ ! આદર્શ કર્મયોગી પૂ. અશ્વિનદાદા ૮૩ વર્ષની ઉંમરે પણ પૂર્ણ સમય ઑફિસમાં ફાળવી દરેક કાર્યોને પાર પાડવાની સેવા અને ભક્તિ અદા કરે છે. પૂ. અશ્વિનદાદાનાં દૂરગામી આયોજનોને પરિણામે આપણી અનુપમ મિશન સંસ્થા વિકસી અને વિસ્તરી છે. પોતાના ગુરુ સંતભગવંત સાહેબજીની આજ્ઞા પ્રમાણે પળેપળ વિતાવીને તેઓએ આદર્શ ભક્તિ અને શિષ્યત્વનું દર્શન કરાવ્યું છે. સમતા, ભક્તિ અને પ્રેમની મૂર્તિ સમા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં પ્રેમ અને જતનથી સંનિષ્ઠ વિશાળ ભક્તસમાજનું સર્જન સાકાર થયું છે. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગને સાધી જીવન જીવતા બ્રહ્મર્ષિ છે !

સર્વજ્ઞાની, અત્યંત વિચક્ષણ, પ્રખર બુદ્ધિશાળી છતાં આ સર્વ ગુણોનો સર્વોપરી ઉપયોગ પ્રભુભક્તિ અર્થે કરતા અનુપમ સદ્‌ગુરુ એટલે પૂ. અશ્વિનદાદા ! ઉપશમ ઐશ્વર્યના ધારક, યોગીજીના સાધુરામ, સાધકોના સુહૃદ, ભક્તોના ગુરુ અને સૌના પથદર્શક પૂ. અશ્વિનદાદા ઋજુહૃદયી, પિતા સમાન સંત. આબાલવૃદ્ધ, ત્યાગી–ગૃહસ્થ, બાઈ–ભાઈ સૌની કાળજી કરે. બ્રહ્મજ્ઞાની પૂ. અશ્વિનદાદા અર્થશાસ્ત્ર, તબીબક્ષેત્ર, સાંસારિક પ્રશ્નો અને વ્યાવહારિક મુઝવણ આદિ અનેક જટિલ દુઃખોમાં ભક્તોના પક્ષે રહી માયા પાર કરનાર પ્રભુધારક સંત ! સૌમાં અનેરો નિર્દોષભાવ. ભગવાનના કર્તા–હર્તાપણાનો નખશિખ સ્વીકાર ! સંતભગવંત સાહેબજીના લાડીલા અને યુવાપ્રવૃત્તિના પોષક એવા પૂ. અશ્વિનદાદા અનુપમ મિશનના પ્રમુખ છતાં સૌના સેવક !

તેજસ્વી મુખાકૃતિ, નેત્રમાં બ્રહ્મનો પ્રકાશ, વદને સ્વામિનારાયણ, હસ્તમાં કલમ જે અનુપમ મિશનના તંત્રનો વહીવટ કરે તેમજ ભક્તોને આશીર્વાદ લખી આપી શાતા પમાડે અને હૃદયે યોગીસ્વરૂપ સાહેબજી ! બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી અને સૌ પ્રગટ ગુણાતીત સત્પુરુષોના અનન્ય રાજીપાનું પાત્ર એટલે પૂ. અશ્વિનદાદા ! નિર્માની, સરળ, સહજ, નિર્દોષ અને પ્રેમમૂર્તિ પૂ. અશ્વિનદાદા પર જોનારને પ્રથમ નજરે જ પ્રેમ ઉપજી જાય તેવા અતુલનીય સંત ! તેમની વાણીમાં અસ્ખલિત સચોટ બ્રહ્મજ્ઞાનની ગંગા અને મહિમાનો પ્રવાહ જે સૌને આકર્ષે ! અદ્‌ભુત, અદ્વિતીય અને અનુપમ સાધુ જે માનવમાત્રને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય, માયાનાં બંધનમાંથી મુક્તિ અપાવી દે, હકારાત્મક શક્તિઓને પ્રજ્વલિત કરી દે, ઉત્તમ 'આયોજક' અને કોમલ હૃદયને ધારક એવા મુનિવર પૂ. અશ્વિનદાદાના ચરણે તેઓના પ્રાગટ્યપર્વે સાષ્ટાંગ પ્રણામ સહ વંદન ! ◆

~ ડૉ. ધનંજય પટેલ